# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં જાપાનના પ્રધાનમંત્રી સનાઈ તાકાઇચી સાથે વાટાઘાટો કરશે.

2) જમ્મુના ભગવતીનગર બેઝ કેમ્પથી અમરનાથ યાત્રાના પ્રથમ તબક્કાના યાત્રાળુઓનું જૂથ રવાના - આવતીકાલથી યાત્રા શરૂ થશે.

3) વેનેઝુએલાના ભૂકંપમાં મૃત્યુઆંક વધીને 2,295 પર પહોંચ્યો - 11,000 થી વધુ લોકો ઘાયલ.

4) વોટ્સએપ પર વપરાશકર્તાઓના નામની સુવિધા શરૂ કરવાના મુદ્દે સરકારે મેટાને નોટિસ ફટકારી.

5) હવામાન વિભાગે આગામી 2 દિવસમાં કર્ણાટક, ગુજરાત, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી.

6) ફિફા વિશ્વકપમાં બેલ્જિયમે સેનેગલને હરાવીને રાઉન્ડ ઓફ 16 માટે ક્વોલિફાય કર્યું.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# JAPAN PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં તેમના જાપાની સમકક્ષ સનાઈ તાકાઈચી સાથે વાર્ષિક શિખર સ્તરની વાટાઘાટો કરશે.

આ સમિટ બંને પક્ષોને દ્વિપક્ષીય સહયોગના સંપૂર્ણ સ્પેક્ટ્રમની સમીક્ષા અને મજબૂતીકરણ તેમજ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે. વાટાઘાટો બાદ અનેક સમજૂતી કરાર થવાની અપેક્ષા છે.

## VOICE CAST – SAKLEN

જાપાનના પ્રધાનમંત્રી ગઈકાલે સાંજે ભારતની ત્રણ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. પ્રધાનમંત્રી તાકાઇચીની આ ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાત છે.

# PM URGES TO MEET JAPAN PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેઓ આજે જાપાનના પ્રધાનમંત્રી સાથે વ્યાપક ચર્ચાઓ માટે આતુર છે જે ભારત-જાપાન વિશેષ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીને વધુ ગાઢ બનાવશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે તેઓ ભારતની તેમની પ્રથમ મુલાકાત પર તેમનું સ્વાગત કરીને ખુશ છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે

તેમના સંયુક્ત પ્રયાસો દ્વારા, ભારત અને જાપાન હિંદ-પ્રશાંત અને તેનાથી આગળ શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિને આગળ વધારવાનું ચાલુ રાખશે.

## J&K - AMARNATH

અમરનાથ યાત્રાના પ્રથમ તબક્કામાં યાત્રાળુઓને જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ આજે સવારે 4 વાગ્યે જમ્મુના ભગવતી નગર બેઝ કેમ્પથી લીલી ઝંડી આપી રવાના કર્યા હતા.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, 57 દિવસની વાર્ષિક યાત્રા આવતીકાલે કાશ્મીરના જોડિયા ટ્રેક પર સત્તાવાર રીતે શરૂ થશે અને 28 ઓગસ્ટના રોજ પૂર્ણ થશે. યાત્રાળુઓનો પહેલો કાફલો વહેલી સવારે કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ જમ્મુથી રવાના થયો હતો.

આ યાત્રાની નોંધણી ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે થાય છે, યાત્રા શરૂ થાય તે પહેલાં આશરે 4 લાખ યાત્રાળુઓએ નોંધણી કરાવી હતી.

## NADDA DENGUE MEETING

આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ ગઇકાલે દિલ્હીમાં ડેન્ગ્યુની તૈયારીઓ અંગે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક કરી. તેમણે વિવિધ વિભાગોને ડેન્ગ્યુના કેસોના સંભવિત વધારા અંગે તૈયાર રહેવા સૂચના આપી. તેમણે રાજ્યોને વોર્ડ કમિશનરો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને નિવાસી કલ્યાણ સંગઠનોને જાગૃતિ અને નિવારણના પ્રયાસોમાં સક્રિયપણે જોડવા હાકલ કરી.

બેઠકમાં આરોગ્ય મંત્રીને રાષ્ટ્રીય સ્તરે ડેન્ગ્યુની સ્થિતિ અને દેશભરમાં હાથ ધરવામાં આવેલા તૈયારીના પગલાં વિશે માહિતી આપવામાં આવી હતી.

## INDIA-MALESIYA MEET

ભારત અને મલેશિયાએ ગઈકાલે નવી દિલ્હીમાં યોજાયેલી 12મી સબ કમિટી મીટિંગ દરમિયાન દ્વિપક્ષીય લશ્કરી સહયોગના સમગ્ર સ્પેક્ટ્રમની સમીક્ષા કરી હતી.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, બંને પક્ષોએ ઈન્ડો-પેસિફિકમાં શાંતિ, સુરક્ષા અને નેવિગેશનની સ્વતંત્રતા પ્રત્યેની તેમની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

ચર્ચાઓમાં લશ્કરી દ્વિપક્ષીય કવાયતો, તાલીમ, સ્ટાફ વાટાઘાટો, ક્ષમતા નિર્માણ, દરિયાઈ સહયોગ અને ઉભરતા ક્ષેત્રોમાં સહયોગ સહિત ચાલુ સંરક્ષણ સંબંધોને આવરી લેવામાં આવ્યા હતા.

મુલાકાતી પ્રતિનિધિમંડળે સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની પણ મુલાકાત લીધી હતી. મિટિંગ પહેલા તેઓએ નવી દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર જવાનોને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

## VAENZUELA EARTHQUAKE

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ જોર્જ રોડ્રિગ્ઝે જણાવ્યું કે એક પછી એક આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક બે હજાર 295 પર પહોંચી ગયો છે અને 11 હજારથી વધુ લોકો

ઘાયલ થયા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, લગભગ 13 હજાર લોકો બેઘર થઈ ગયા છે. દેશને એક સદીમાં સૌથી શક્તિશાળી ભૂકંપનો ભોગ બન્યાના સાત દિવસ પછી પણ બચાવ કામગીરી ચાલુ છે.

દરમિયાન, વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે સાત દિવસના શોકની જાહેરાત કરી હતી, અને કહ્યું હતું કે વિનાશક ભૂકંપમાં થયેલા જાનહાનિથી દેશ ખૂબ જ દુઃખી છે.

આ પહેલા, 25 જૂનના રોજ, દક્ષિણ અમેરિકન રાષ્ટ્રમાં 7.2 અને 7.5 ની તીવ્રતાના બે સતત શક્તિશાળી ભૂકંપ આવ્યા હતા. વેનેઝુએલાના મોટા ભાગના વિસ્તારોમાં અનુભવાયેલા જોરદાર આંચકાઓને કારણે કારાકાસમાં અનેક મકાનો ધરાશાયી થયા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PAKISTAN-BALUCHISTAN ACCUSED

પાકિસ્તાનમાં, અગ્રણી માનવાધિકાર સંગઠનોએ બલુચિસ્તાનમાં પાકિસ્તાની દળો દ્વારા વધુ ત્રણ નાગરિકોને બળજબરીથી ગુમ કરવાનો આરોપ લગાવ્યો છે.

બલુચ નેશનલ મૂવમેન્ટના માનવાધિકાર વિભાગ, જણાવ્યું છે કે ગત સોમવારે પંજગુર જિલ્લાના પારૂમ વિસ્તારમાં દરોડા દરમિયાન પાકિસ્તાની દળો દ્વારા 20 વર્ષીય ડ્રાઇવર કથિત રીતે લઈ જવામાં આવ્યો હતો. તે જ દિવસે એક અલગ ઘટનામાં, પંજગુરના ચિટકાન બજાર વિસ્તાર માંથી અન્ય એક નાગરિક, ઉમર જાન બલોચને બળજબરીથી ગુમ કરવામાં આવ્યો હતો તેણે પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા તેની દુકાન માંથી બળજબરીથી લઈ જવામાં આવ્યો હતો.

બલુચિસ્તાન પાકિસ્તાની દળો દ્વારા સતત અત્યાચારોનો સામનો કરી રહ્યું છે, જેમાં ખાસ કરીને નાગરિકોનું ગુમ થવાની સાથે અનેક બલુચ નાગરિકોની હત્યાઓ થઇ રહી હોવાનો દાવો કરાયો છે.

# US & IRAN - DOHA TALKS

ઈરાન અને અમેરિકા વચ્ચે ગઈકાલે દોહામાં મધ્યસ્થીની મદદથી વાટાઘાટો પૂર્ણ થઈ. કતાર સરકારના એક નિવેદન મુજબ, બંને પક્ષો આ મહિનાની 9મી તારીખે ઈરાનના ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા અલી ખામેનીના અંતિમ સંસ્કાર સમારોહ બાદ ચર્ચા યથાવત રાખવા સંમત થયા હતા.

મીડિયા સાથે વાત કરતા, અમેરીકી ઉપ-પ્રમુખ જેડી વાન્સે જણાવ્યું હતું કે દોહાની વાટાઘાટો સકારાત્મક છે, ટેકનિકલ સ્તરની ચર્ચાઓ અગાઉથી જ ચાલી રહી છે. તેમણે

કહ્યું કે આગામી તબક્કામાં ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર ધ્યાન કેન્દ્રિત રહેશે અને ઉમેર્યું કે તાજેતરના અમેરીકી લશ્કરી કાર્યવાહી પછી વાટાઘાટો સક્ષમ રીતે યોજાઈ રહી છે.

ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝેમ ઘરીબબાદીએ જણાવ્યું હતું કે, વાટાઘાટો 14-મુદ્દાના સમજૂતી પત્રના અમલીકરણ પર કેન્દ્રિત હતી. ઈરાન અને કતારે ઈરાનની 6 અબજ યુએસ ડોલરની સ્થિર સંપત્તિના ભાગનો ઉપયોગ કરવાની પણ ચર્ચા કરી હતી.

# WHATAPP

ભારત સરકાર દ્વારા દેશમાં વોટ્સએપ પર વપરાશકર્તાઓના નામની એટલે કે યુઝરનેમ ફીચર સુવિધા શરૂ કરવાની બાબતમાં મેટાની નોટિસ જારી કરી છે. મેટાને ત્રણ દિવસમાં યુઝરનેમ ફીચર અંગે વિગતવાર સ્પષ્ટતા કરવાનો નિર્દેશ આપ્યો છે.

## VOICE CAST: MRIGNAYNI-PANDAY

# WEATHER

ભારતીય હવામાન વિભાગએ જણાવ્યું કે, આગામી બે દિવસ દરમિયાન, દક્ષિણ પશ્ચિમ ચોમાસું દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, ઉત્તર અરબી સમુદ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન તરફ આગળ વધવાની સંભાવના છે.

હવામાન વિભાગે આગામી 2 દિવસ દરમિયાન કોસ્ટલ કર્ણાટક, ગુજરાત, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, ઓડિશા, સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તરાખંડ અને વિદર્ભમાં આગામી ત્રણ દિવસ દરમિયાન સમાન હવામાનની સ્થિતિ જોવા મળે તેવી શક્યતા છે.

બિહાર, આંતરિક કર્ણાટક, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ઝારખંડ, કેરળ, માહે, તેલંગાણા, ઉત્તર પ્રદેશ અને ઉત્તર પૂર્વીય ક્ષેત્રના ભાગોમાં શનિવાર સુધી ભારે વરસાદની સ્થિતિ રહેશે.

# FIFA WORLD CUP

ફિફા વર્લ્ડ કપમાં, બેલ્જિયમે શાનદાર વાપસી કરીને વધારાના સમયના રાઉન્ડ ઓફ 32 પછી સેનેગલને 3-2થી હરાવ્યું અને રાઉન્ડ ઓફ 16 માટે ક્વોલિફાય કર્યું. યુરી ટિલેમેન્સે 125મી મિનિટે પેનલ્ટી પર ગોલ કરીને 3-2થી વિજય મેળવ્યો.

બેલ્જિયમ હવે રાઉન્ડ ઓફ 16માં અમેરીકા બોસ્નિયા અને હર્ઝેગોવિનાની મેચના વિજેતાઓ સામે ટકરાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં અલગ અલગ સમાચારો હેડલાઇનમાં વાંચવા મળી રહ્યા છે
- સંદેશની હેડલાઇન છે - સાત કલાકમાં પાંચ ઇંચ વરસાદથી મુંબઈ બેહાલ
- ગુજરાત સમાચારે – યુક્રેનના હુમલામાં રશિયાની રિફાઇનરીઓ ઠપ આ સમાચારને હેડલાઇન બનાવી છે.
- **NSO** ના અહેવાલને ટાંકીને દિવ્ય ભાસ્કર લખે છે – ગુજરાતના નોકરી કરતાં ધંધામાં સરેરાશ 27 ટકા વધુ આવક , નોકરીમાં નવ ગુણ-ધંધામાં તેર ગુણ